# હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર, મુવાલિયા ફાર્મ, દાહોદ ખાતે "મકાઈની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતી તથા એડેપ્ટીવ ટ્રાયલ અંગેની એક દિવસીય કેન્દ્રીય ખેડૂત તાલીમ કાર્યક્રમ" યોજાયો

હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલિયા ફાર્મ, દાહોદ ખાતે " સ્ટ્રેન્ધનીંગ ઓફ એગ્રી. પોલીક્લીનીક ફોર ટ્રાયબલ ફાર્મર્સ એટ દાહોદ" યોજના દ્વારા તારીખ: ૨૦/૦૬/૨૦૧૯ ના રોજ "મકાઈની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતી અને એડેપ્ટીવ ટ્રાયલ" વિષય પર એક દિવસીય કેન્દ્રીય તાલીમ કાર્યક્રમ ખેડૂતો માટે આયોજીત કરવામાં આવેલ હતો. સદર એક દિવસીય કેન્દ્રીય તાલીમમાં દાહોદ જિલ્લાના ફતેપુરા તેમજ દાહોદ તાલુકાના વાવડી બુજર્ગ અને અભલોડ ગામના આશરે ૪૫ જેટલા ખેડૂતોએ હર્ષોઉલ્લાસભેર ભાગ લીધો હતો. એક દિવસીય કેન્દ્રીય તાલીમ કાર્યક્રમમાં ડો. વાય. બી. ચૌહાણ (મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક), શ્રી એ. જી. પંપાણિયા (મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક), ડો. એસ. એ. ચૌહાણ (રિસર્ચ એસોસીએટ) અને શ્રી આરીફ શેખ (રિસર્ચ એસોસીએટ) હાજર રહ્યા હતા. સદર પ્રાસંગીક ઉદબોધનમાં ડો. વાય. બી. ચૌહાણ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી એ મકાઈના પાકમાં સંકલિત રોગ-જીવાત નિયંત્રણ અંગે વિસ્તૃતમાં જણાવેલ તેમજ એગ્રી. પોલીક્લીનીક યોજનાના હેતુઓ વિષે માર્ગદર્શન આપ્યું. શ્રી એ. જી. પંપાણિયા (મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક) એ મકાઈની વિવિધ જાતો તેમજ મકાઈના પાકની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતી વિષે માર્ગદર્શન આપ્યું. ડો. એસ. એ. ચૌહાણ, રિસર્ચ એસોસીએટ એ ખેતી પાકોમાં જૈવિક પ્રવાહીનો ઉપયોગ તેમજ લાભ વિષે ટૂંકમાં જણાવેલ. શ્રી આરીફ શેખે, રિસર્ચ એસોસીએટ એ ખેડૂતોને મુવાલિયા ફાર્મ ખાતે કાર્યરત ત્રણે યુનિટ વિશે ટૂંકમાં માહિતગાર કરેલ.

એક દિવસીય કેન્દ્રીય તાલીમ પ્રસંગે એક એડેપ્ટીવ ટ્રાયલનું પણ આયોજન કરવામાં આવ્યું હતુ જે અંતર્ગત ખેડૂતોને મકાઈની જાતો GAYMH-1 અને GAWMH-2 બીજ તેમજ ખાતર વિતરણ કરેલ. ડો. વાય. બી. ચૌહાણ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી એ મકાઇ પાકમાં આવતી ટપકા વાળી લશ્કરી ઇયળ (ફોલ આર્મી વોર્મ) ની ઓળખ તેમજ વ્યસ્થાપન વિશે માહિતી આપી હતી. આમ આ એક દિવસીય કેન્દ્રીય તાલીમ કાર્યક્રમને સફળ બનાવવા માટે હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલિયા ફાર્મ, દાહોદ કેન્દ્રના સર્વે અધિકારી/ કર્મચારીઓએ મદદ કરી હતી. આ એક દિવસીય કેન્દ્રીય તાલીમ અને એડેપ્ટીવ ટ્રાયલનું સમ્પુર્ણ સંચાલન ડો. એસ. એ. ચૌહાણ અને શ્રી આરીફ શેખ, રીસર્ચ એસોસીએટ એ કરેલ. અંતમાં ઉપસ્થિત કેન્દ્રના સર્વે અધિકારી/ કર્મચારીઓ અને ખેડૂતોનો આભાર માની કાર્યક્રમ પુર્ણ કરવામાં આવ્યો હતો.

# <u>એક દિવસીય કેન્દ્રીય તાલીમના ફોટોગ્રાફ</u>













# <u>એડેપ્ટીવ ટ્રાયલના ફોટોગ્રાફ</u>




